	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૫/૦૪/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૩૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧	૨,૭૩,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

“SHE” ટીમની કામગીરીની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન :

બે(૨) વર્ષના બાળકના માતા-પિતાને શોધી કાઢી બાળક તેઓને સોંપતી શાહપુર પોલીસ સ્ટેશન “SHE” ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “સી” ડિવિઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પોલીસ સ્ટેશન નાઓની સુચના મુજબ શાહપુર પોલીસ સ્ટેશનની “SHE” ટીમના પો.કો. કનુભાઇ ભગવાનભાઇ બ.નં.૬૦૧૯ તથા વુ.પો.કો. સવિતાબેન નારણભાઇ બ.નં.૫૧૬૪ નાઓ આજરોજ ક.૧૭/૦૦ આસપાસ નાગોરીવાડ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન ઓતમપોળ પાસે આવતા એક આશરે બે વર્ષનું બાળક રડતુ હોય જેના માતા-પિતા બાબતે આજુબાજુમાં પુછતા કોઇને જાણ ન હોય જેથી બાળકને પાણી તથા બિસ્કીટ ખવડાવી બાળકને સાથી રાખી આજુ-બાજુનાં વિસ્તારમાં તપાસ કરતા જગદીશ કોલોની પાસે આવતા બાળકના માતા-પિતા તેને શોધતા હોય બાળકને ઓળખી જતા બાળક તેઓનું હોવાનું અને તેઓ દેવજી કુંભારનું ડેલુ કણજી ચોક ખાતે રહેતા હોય જ્યાંથી રમતા-રમતા બાળક નીકળી ગયેલ હોવાનું જણાવતા તેઓ જ બાળકના વાલીની હોવાની ખાતરી કરી બાળક તેઓને સોંપેલ. આમ ૨ વર્ષના બાળકના માતા-પિતાને શોધી કાઢી તેના માતા-પિતાને સોંપી શાહપુર પોલીસ સ્ટેશનની “SHE” ટીમે પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૪/૦૪/૨૦૨૨

સારી કામગીરી કરનાર ટીમ :-

(૧) પો.કો. કનુભાઇ ભગવાનભાઇ બ.નં.૬૦૧૯ “SHE” ટીમ શાહપુર પોલીસ સ્ટેશન

(૨) વુ.પો.કો. સવિતાબેન નારણભાઇ બ.નં.૫૧૬૪ “SHE” ટીમ શાહપુર પોલીસ સ્ટેશન





પાસા અટકાયતીની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૧૦/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૭૬/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૩) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૪૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૪)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૫૮ /૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબના વાહન ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓના ક્રમાંકઃ PCB/DTN/PASA/૩૮૫/૨૦૨૨ તા.૨૪/૦૪/૨૦૨૨ ના હુકમ આધારે તા.૨૪/૦૪/૨૦૨૨ ના કલાકઃ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામ:-

વિક્રમ ઉર્ફે બાબો સ/ઓ ધીરૂભાઇ છગનભાઇ સુરેલા (રહે.કુંભાર દરવાજા પીરની દરગાહ પાછળ રામાપીરના મંદીર પાસે હળવદ તા.હળવદ જી.મોરબી)

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. વી.એમ.ગોહિલ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૩૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૯૦ લીટર દેશી દારૂ, ૨૪૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૩૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૭૩૬/૨૦૨૨**

ચાંદખેડાઃ ચંદ્રપ્રકાશભાઇ રંગલાલ ટાંક (ઉ.વ.૬૧)(રહે.અતીશય રેસીડન્સી, કોટેશ્વર મોટેરા) એ તા.૨૪/૦૪/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૩/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દિપકકુમાર રાય (૨)નવીનસિંગ રાઠોડ અને (૩) શિવમ નિગમ નાએ ભેગામળી ચંદ્રપ્રકાશભાઇ ને "બિચ વેસ્ટીન ઇન્ટરનેશનલ કલબ" પ્રા.લી.માં ૧૦ વર્ષની મેમ્બરશિપની લાલચ આપી, વિશ્વાસ કેળવી ચંદ્રપ્રકાશભાઇ પાસેથી રૂપિયા ૧,૨૫,૦૦૦/- સ્વાઇપ મશીન દ્વારા ટ્રાન્સફર કરી લઇ, ચંદ્રપ્રકાશભાઇ ને બહાર ફરવા જવુ હોય, કંપનીમા ફોન કરતા કોઇએ ફોન નહી ઉપાડી વિશ્વાસઘાત અને છેતરપિડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.રહેવર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૩૭/૨૦૨૨**

માધવપુરાઃ મનસુખભાઇ ચંદુલાલ ચૌહાણ (ઉ.વ.૫૧)(રહે.રાધાકૃષ્ણ ની ગલી, આલમપુરાની ચાલી, મહેંદી કુવા, માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૪/૨૦૨૨ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છત ના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાવા નો પ્રયત્ન કરતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કરતા સારવાર દરમ્યાન તા.૨૪/૦૪/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રજ્ઞેશકુમાર દશરથલાલ ચલાવે છે.

નિકોલઃ કાંતાબહેન વા/ઓ રામજીભાઇ ચોવટીયા(ઉ.વ.૮૪)(રહે.પલાશ પર્લ ફ્લેટ, નિકોલ)એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૨ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે પલાશ પર્લ ફ્લેટના અંડર ગાઉન્ડ પાર્કિંગમાં પોતાની જાત ઉપર કોઇ જ્વલનશીલ પદાર્થ છાંટી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.